સત્યમેव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૨/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **મહમદ સાજીદ સ/ઓફ નબી હુસેન અંસારી**

ઉ.વ.૨૨, ધંધો: મજુરી,

રહે. ભારતનગર, કાઝાની રોડ,

શિવમ હોસ્પિટલની સામે ઝુપડપટી,

ગાંધીધામ–કચ્છ.

(હાલે. જયુડી.કસ્ટડીમાં)

**વિરૂધ્ધ**

**સામાવાળા : – શ્રી સરકાર**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી આર.ટી.લાલચંદાણી**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**–: હ રા વ :–**

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રી આર.ટી.લાલચંદાણીની દલીલો સાંભળી તથા સામાવાળા /સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ તેમજ પોલીસ પેપર્સને લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપી ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૦૬૨૬૦૦૦૧/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૬૪, ૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩) મુજબના ગુના સબબ જ્યુડિશિયલ કસ્ટડીમાં હોઈ, બી.એન.એસ. એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.ટી.લાલચંદાણી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી ઉપર ફરીયાદી બાઈએ બી.એન.એસ.ની કલમ–૬૪, ૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩) મુજબની ફરીયાદ નોંધાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ

ફો.પ.અ.નં.૨૪/૨૬ એફ.આઈ.આર. ના ગ્રાઉન્ડ ઉપર જામીન અરજી કરેલ, જે નામંજુર થયેલ છે. હાલની જામીન અરજી ચાર્જશીટના ગ્રાઉન્ડ ઉપર ગુજારેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ કરવામાં આવેલ આક્ષેપ ખોટા છે. ફરીયાદી બાઈના લગ્ન થઈ ગયા છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી–આરોપી બન્ને સાથે–સાથે રહેતા હતા. ફરીયાદી બાઈના પતિને ખબર હતી કે બન્ને વચ્ચે સબંધો છે અને ઠપકો પણ આપેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી બાઈ સ્વેચ્છાએ આરોપીને ફોન કરતી અને ચેટ કરતી હતી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીની કન્સેન્ટ સાથે શારીરીક સબંધ બંધાયેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી ફરીયાદીના ઘરે જતા હતા. આરોપી વિરુધ્ધ જી–પે થી પેમેન્ટ કરતા તેવો આક્ષેપ છે, આવું કોઈ પેમેન્ટ આરોપીના ખાતામાં આવેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આજે પણ ફરીયાદી આરોપીને જેલમાં મળવા જાય છે. આ કામે ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નીવેદન પણ લીધેલ નથી, કારણકે તેમાં અરજદારની સમર્થનમાં બોલશે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, અગાઉ આરોપીએ ફો.પ.અ.નં. ૨૪/૨૬ થી જામીન અરજી કરેલ જે તા.૧૬–૧–૨૬ ના રોજ નામંજુર થયેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર ગુનાના કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. તપાસ પુર્ણ થતા સંજોગો બદલાતા

નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ દાખલ થયેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ટુંકાગાળામાં જ જામીન અરજી ડીસાઈડ કરેલ હતી, સંજોગો બદલાતા ન હોય, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) પક્ષકારો તર્ફેના વિધ્વાન વકીલશ્રીઓની રજૂઆતો ધ્યાને લીધી, અરજદારની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, ફરીયાદીની ફરીયાદ તથા તપાસ કરનાર અમલદારશ્રીનું એફીડેવીટ વંચાણે લીધા. અરજદાર/આરોપી વિરુધ્ધ ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૬૨૬૦૦૦૧/૨૦૨૬ ના કામે બી.એન. એસ.ની કલમ–૬૪,૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીએ ફરીયાદી બહેનને પોતાના પતિ સાથે છુટાછેડા લઈ તેની સાથે લગ્ન કરવા દબાણ કરી વારંવાર શારીરીક સબંધ બાંધી, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફરીયાદીના ફોટા તથા વીડીયો વાયરલ કરવાની ધમકીઓ આપી બ્લેકમેલ કરી, ફરીયાદી પાસેથી અંદાજે રૂપીયા ચાલીસ થી પચાસ હજાર પડાવી લઈ ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૬) પક્ષકારો તરફેની રજુઆત, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતા, સદર કામે કાયદાકીય સ્થિતિ મુજબ કોઈપણ હકીકત જામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન મુકત કરતી વખતે તે અન્વયે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ ની જોગવાઈ

મુજબ અદાલતને વિવેકબુધ્ધિની સતા આપવામાં આવેલ છે. પરંતુ આવી વિવેકબુધ્ધિની સતા મનસ્વી રીતે નહી વાપરતા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને વાપરવી જોઈએ.

જામીન અરજીના નિર્ણય સંદર્ભે જોતા અદાલતને આપવામાં આવેલ વિવેકબુધ્ધિની સતા વાપરવા માટે નામ.વડી અદાલતના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે. નામ.સુપ્રીમ કોર્ટે સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) જીએલએચ પાના નં.૯૩ ઉપરના ચુકાદાનું અવલોકન આજ રીતે કેટલીક હકીકતો સ્પષ્ટ બને છે.

- જામીન અરજીનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સીકયોર કરવાનો છે.
- જામીન એ નિયમ છે, જેલ એ અપવાદ છે તે સંજોગોમાં જોતા અપવાદરૂપ સંજોગો ઉભા થયેલ હોય તો સામાન્યરીતે આરોપીને જામીન મુકત કરવા જોઈએ.
- બંધારણે બક્ષેલ સ્વતંત્રનાતા અધિકાર બાબતે પણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને રાખવી પડતી પ્રક્રિયા સીવાય કે કાયદા મુજબ જેલમાં રાખવાનું આવશ્યક જણાય તે સીવાય જામીન મુકત કરવા માટે હેતુ જણાય છે કે કેમ તથા ફરીયાદી, સાહેદો કે સોસાયટીની હકીકતો બન્ને વચ્ચે બેલેન્સ જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

- સામાન્ય રીતે જયારે આરોપીને ગુનેગાર ઠરાવવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ હોવાનું અનુમાન થતું હોય તથા આરોપીને ગુનેગાર ઠરાવ્યા પછી જે સંજોગો થાય તે જણાતા હોય અને ગુનેગાર ઠરાવ્યા પહેલા જ સજા થઈ જાય તે વાજબી ન હોવાની બાબત પણ ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

(૭) ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને હાલના તબકકે કસ્ટડીમાં રાખવા જરૂરી છે કે કેમ કે તેમને જામીન ઉપર મુકત કરી શકાય કે કેમ? તે બાબત નિર્ણિત કરવા માટે સદર કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો જોતા નીચે મુજબની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

હાલના કામે સૌપ્રથમ મહન્વની બાબત જોવામાં આવે તો આરોપી સામેના આક્ષેપીત ગુના મુજબ આ કામના આરોપીએ ફરીયાદી બહેનને પોતાના પતિ સાથે છુટાછેડા લઈ તેની સાથે લગ્ન કરવા દબાણ કરી વારંવાર શારીરીક સબંધ બાંધી, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફરીયાદીના ફોટા તથા વીડીયો વાયરલ કરવાની ધમકીઓ આપી બ્લેકમેલ કરી, ફરીયાદી પાસેથી અંદાજે રૂપીયા ચાલીસ થી પચાસ હજાર પડાવી લઈ ગુનો કરેલાનો આક્ષેપ છે. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ અરજદાર/આરોપી વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આરોપી તરફે વિ.વ.શ્રીની રજુઆત મુજબ સદર કામે તપાસ પુર્ણ થતા અરજદાર વિરુધ્ધ ચાર્જશીટ થઈ ગયેલ હોઈ અરજદારને જામીન મુકત કરવાની રજુઆત કરેલ છે, પરંતુ

ચાર્જશીટ થઈ ગયેલ હોવા માત્રથી અરજદારને જામીન મેળવવાનું નવું કારણ ઉભું થયેલ હોવાનું માની શકાય તેમ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ ધ્યાને લેવાનો હોય છે તેમજ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોતું નથી કે મીની ટ્રાયલ કરવાની રહેતી નથી. આમ, આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. આમ, આરોપી સામનો ગંભીર ગુનો છે, આવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેમ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન–પ્રતિદિન વધવા પામેલ છે તેવી હકીકત લક્ષમાં લેતા, સમાજના હિતમાં આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ ઉપર અંકુશ લાવી શકાય તેવા હેતુથી પણ આવી ગુનાહિત પ્રવૃતિને હળવાશથી લઈ શકાય નહી. જેથી, સદર કામે ઉપર ચર્ચા કર્યા મુજબ અરજદાર વિરુધ્ધ પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઈ આવતું હોઈ તેમજ આ પ્રકારના ગુનાઓ સબંધિત વધતી જતી પ્રવૃતિના કારણે સમાજના હિતને થતી વિપરીત અસર ધ્યાને લેતા, નામ.સર્વોચ્ચ અદાલતે તેમજ નામ.હાઈકોર્ટે તેમના વિવિધ ચુકાદામાં જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોના પરિપ્રેક્ષ્યમાં આ તબકકે અરજદારની તરફેણમાં જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકબુધ્ધિની સતાનો ઉપયોગ કરવાનું યોગ્ય અને વાજબી જણાતું ન હોઈ અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

અરજદાર/આરોપી મહમદ સાજીદ સ/ઓફ નબી હુસેન અંસારી, રહે. ભારતનગર, કાઝાની રોડ, શિવમ

હોસ્પિટલની સામે ઝુપડપટી, ગાંધીધામ–કચ્છ નાઓની ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૦૬૨૬૦૦૦૧/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૬૪,૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૩–૦૩–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)